# સોય-દોરાનું સ્નેહમિલન

કેટલીકવાર નાના કામ પ્રત્યે માણસનો આત્મવિશ્વાસ મોટો હોય છે. કામ જોઈને માણસને શૂરાતન ચડે કે આમાં શું! આ તો આપણો ડાબા હાથનો ખેલ છે. પણ ઉત્સાહના અતિરેકમાં તે કામ હાથમાં લઈ લે પછી તેનો ડાબો અને જમણો બેઉ હાથ હેઠા પડે તોય તે ખેલ પૂરો ન થાય. તેથી અમે લાગતા વળગતાને વણમાગી સલાહ આપીએ છીએ કે આવા નાનકડા કામ જોઈને મોટા ઉપાડે તેમાં ટ્રમ્પની જેમ ઝંપલાવવું નહીં. જુઓ ટ્રમ્પકાકાની આંગળી એવી નકુચામાં આવી ગઈ છે કે તમ્મર આવી ગયા. એટલે નાના અને સહેલા લાગતા કામમાં પરબારું કુદી પડવું નહીં અને સલાહ આપવી હોય તો ય વહેવાર સાચવવા પૂરતી એકાદવાર આપવી. જો વધારે સલાહ આપશો તો સામેવાળા કહેશે કે તમને ફાવે છે તો પછી તમે જ કરી આપો ને! આમાં વળતર કાંઈ ન હોય એટલે કળતર વધારે થાય કે આ દોઢ ડહાપણ ન કર્યું હોત તો સારું હતું.



અગાઉ અમે એક હાસ્યલેખ 'છેડો મળે જો સેલોટેપનો!' કર્યો હતો. કારણ કે પારદર્શક સેલો ટેપનો છેડો શોધવો તે ધરતીનો છેડો શોધવા જેવું અઘરું કામ છે. એવું જ નાજૂક કામ છે 'સોયમાં દોરો પરોવવો તે!' જોકે આજના સમયમાં આ કામ હવે નજરે ચડતું નથી. આજથી ચાલીસ પચાસ વર્ષ પહેલાંના સમયમાં ઘરમાં બા, બહેન કે ભાભી નવરા તો ન પડતા પણ કામમાંથી સમય કાઢીને ઘરમાં ફાટેલા કપડા સોય દોરો લઈને જાતે સાંધવા બેસતા. આ કાર્યની શરૂઆત જ તો સોયમાં દોરો પરોવવાથી થતી. જ્યારે કોઈ પાતળા કપડાને સાંધવું હોય, હાથસિલાઈ કરવી હોય ત્યારે એકદમ નાની સોયમાં પાતળો દોરો પરોવવામાં આવતો. એટલે કે બા, બહેન કે ભાભી સોયમાં દોરો પરોવતા. આ કામ બા કરતા હોય તો સ્વાભાવિક છે કે તેમની ઉંમર થોડી મોટી હોય એટલે એક હાથમાં સોય પકડી, બીજા હાથમાં રહેલા દોરાના છેડાને પકડી, આંખથી યોગ્ય અંતરે રાખી, બીજા હાથે તેમાં દોરો પરોવવાનો પ્રયત્ન કરવામાં આવતો. પ્રથમ પ્રયત્ને સફળતા મળતી નહીં. ભલભલાને નથી મળતી. એટલે પ્રયત્નો ચાલુ રાખવામાં આવે છતાં ન પરોવાય એટલે બાની આજુબાજુ બેઠેલો યુવાન દીકરો કે દીકરી જરા ઠપકાના સૂરમાં બોલી ઊઠે, "અરે બા, શું ક્યારના ફીફા ખાંડો છો. દર વખતે દોરો બહાર જાય છે!" આવું બે ચાર વાર કહે એટલે બા દીકરાને કહે, "તો લે બેટા, તું જ પરોવી દે ને!" જેમ સીતા સ્વયંવરમાં શિવધનુષ ચડાવવા જે રીતે શ્રીરામ આગળ વધ્યા હતા એ રીતે દીકરો સોય દોરો હાથમાં લે. પણ થોડીવારમાં દીકરાની દશા રાવણ જેવી થઈ જાય.

દીકરો એક હાથમાં સોય પકડી, બીજા હાથે દોરાને જરા વળ ચડાવીને એવા ઓવર કોન્ફિડન્સથી દોરાને સોય પાસે લઈ જાય અને જાણે મનોમન કહેતો હોય કે અમે જ્યારે દોરો હાથમાં લઈએ ત્યારે ભલભલી સોય તેનું સ્વાગત કરવા આગળ વધે છે. નહીં તો શરણાગતિ સ્વિકારી લે છે. તેને એમ હોય કે આપણા હાથમાં દોરો જોઈને જેમ લગ્નમંડપમાં નવવધૂ વરરાજાના ગળામાં હાર પહેરાવે, એ રીતે સોય સામેથી આવીને પરોવાઈ જશે. પછી દીકરો પ્રયત્નમાં આગળ વધે પછી સોય અને દોરો ભેગા થાય. દીકરો સફળતાને જગજાહેર કરવા એકાદ હળવો ખોંખારો ખાઈને બોલે, "જુઓ બા, આટલી વાર લાગે!" આમ કહી સોયમાં પરોવાયેલા દોરાને બીજી બાજુથી ખેંચવા જાય ત્યાં તો દોરો સોયના નાકાની બાજુમાંથી પસાર થાય અને સોય હાથમાંથી નીચે પડી જાય ત્યારે તેને થાય કે આવું કેમ થયું!? પછી તરત જ સોય ઉઠાવી બીજીવાર એ જ પ્રયત્ન કરે. પછી ત્રીજી ચોથી એમ અનેકવાર પ્રયત્ન કરે છતાં એ જ થાય. એટલે જરા અકળાઈને બોલી ઊઠે કે સોયનું નાકુ બહુ ઝીણું છે. ત્યારે બા બોલે બેટા સોયનું નાકુ તો ઝીણું જ હોય ને, એ કાંઈ જકાતનાકા જેવડું તો ન હોય! મોટું નાકુ હોય તો તો બધા જ દોરો પરોવી દે ને. દીકરો કહે, "ઠીક છે લાવો." આ બોલમાં તો સિક્સર મારીને બોલને સ્ટેડિયમ ઠેકાડી દેવાનો હોય એવા બમણા જુસ્સાથી સૌ પ્રથમ તો તે સોયનું નાકુ બરાબર આંખ સામે રાખે અને નાકાની નાકાબંધી કઈ રીતે કરી શકાય તેનું પરફેક્ટ પ્લાનિંગ કરે. પછી નાકામાં નજર નાખે ત્યારે તેને સમજાય કે આ નાકામાં તો નજરેય પરોવાતી નથી. એમાં દોરો તો ક્યાંથી પરોવાય! પણ હવે રાજસભામાં કસુંબો લઈ, ખોખારા ખાઈને બીડુ ઝડપ્યુ હોય તે પાછું તો કેમ મુકાય! ત્યાં વળી બા દીકરી સાથે વાત કરતા કરતા કહેવત બોલે કે અરે એ ગંગારામ તો બહુ ઊંડો અને પાકો છે. 'ગરજ હોય તો સોયના નાકામાંથી ય નીકળી જાય' આ સાંભળી દીકરાના કાન ચમકે. તેને થાય કે તો તો ગંગારામના દર્શન કરવા જ પડે. માણસોને સળગતી રિંગમાંથી પસાર થતાં જોયા છે પણ માણસો સોયના નાકામાંથી પસાર થઈ જાય એ તો પહેલી વાર સાંભળ્યું. આવું વિચારતા વિચારતા સોયના નાકામાં બે-ચાર ફૂક મારે. કોઈ નાનું સરખું કામ પાર પડતું ન હોય ત્યારે તેને ફૂંકો મારવી, થોડું અચડ મચડ કરવું એ આપણી પરંપરાગત ટેકનિક છે તેનાથી કાર્ય સિદ્ધ થતું નથી પણ કર્તાને થોડું ચેઈન્જ મળે અને લોકોને આશા જાગે કે આ વખતે તો પાર પડી જ જશે. વળી આજુબાજુના લોકોને થાય કે આ યુવાન કંઈક નક્કર કરી રહ્યો છે. હજુ સુધી દીકરાની કારી ફાવી ન હોય. આ કાર્ય દીકરાએ હાથમાં લીધું ત્યારે આજુબાજુવાળાને ખાતરી હોય કે દીકરાની આંખો મોટી મોટી છે એટલે દોરો પરોવાયો જ સમજો. આવડી મોટી આંખોથી તો ચંદ્ર પર બેઠા બેઠા ચમનકાકા ચા પીતા હોય તે પણ દેખાય. પણ મોટી મોટી આંખોથી પણ આવા ઝીણા નાકા દેખાતા નથી. નાકુ એકદમ ઝીણું હોવાથી દીકરો આંખો જરા ઝીણી કરીને પ્રયત્ન કરે. જેથી સમસંવેદન રચાય. આમ ઝીણી આંખોથી ઝીણવટ ભરી રીતે જોવા છતાં જેમ ટ્રમ્પ ગમે તેવી સુકી દાટીઓ (ધમકીઓ) મારે છતાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી અમેરિકાના જહાજ પસાર થઈ શકતા નથી. એ જ રીતે સોયના દોરો નાકામાંથી પસાર થઈ શકતો નથી.

**નબોલવામાં નવ ગુણ**

★ નટવર પંડ્યા

**જેમ સીતા સ્વયંવરમાં શિવધનુષ ચડાવવા જે રીતે શ્રીરામ આગળ વધ્યા હતા એ રીતે દીકરો સોય દોરો હાથમાં લે, પણ થોડીવારમાં દીકરાની દશા રાવણ જેવી થઈ જાય**

આમ તો દીકરો પ્રકાશની દિશામાં એટલે કે ટ્યુબલાઈટ સામે મોઢું રાખીને સોયમાં દોરો પરોવવાનું કાર્ય કરી રહ્યો હોય છતાં તેને થાય કે આ કાર્ય માટે અહીં પૂરતા પ્રકાશ આયોજનનો અભાવ છે. એટલે તે સોય દોરો લઈને ફળિયામાં આવે અને સૂરજદાદાની સામે સોય રાખી સૂર્યની સાક્ષીએ દોરો પરોવવાના પ્રયત્નો આદરે. પણ બે-ચાર પ્રયત્નો કરવા છતાં કામ તો ન બને પણ સૂર્ય સામે જોઈ રહેવાથી બે ચાર છીંકો આવે. છીંકો આવવાને કારણે આંખમાં પાણી આવી જાય. આંખમાં પાણી આવી જાય ત્યારે તેને સમજાય કે આ કાર્ય તો નેવાના પાણી મોંભે ચડાવવા જેવુ અઘરું છે. તેની આંખોમાં પાણી આવી જાય ત્યાં જ તેને પડોશીના ઘરમાંથી ગીત સંભળાય, "આંખોમાં બેઠેલા ચાતક ને કહી દો, મારું ચોમાસું ક્યાંક આસપાસ છે." આ સાંભળી દીકરાને થાય કે આ કામ તો એવું અઘરું છે કે ઉનાળે હાથમાં લીધું હોય અને ચોમાસુ આસપાસ આવી જાય તોય પતે નહીં.

અત્યારના મોટાભાગના યુવાનો ગઝલ રચે છે એ જ રીતે આ દીકરો પણ અમુક રંગીન પરિબળોને કારણે ગઝલ રચી કાઢતો. તેને અત્યારે દોરો પરોવવાની ગઝલ સ્ફૂરી પણ દોરો પરોવવાના વિકલ્પે ગઝલ તો ન જ ચાલે ને! આંખો પર ઘણી ગઝલો રચાય છે.અહીં દીકરો ગમતા પાત્રની આંખોમાં એક ક્ષણમાં આંખો પરોવી શકતો હોય પણ એ જ આખોથી સોયમાં દોરો પરોવી શકતો નહોતો. તેને યાદ આવે કે ગરુડની નજર એટલી તેજ હોય છે કે આકાશમાં ગમે તેટલું ઊંચે ઉડતું હોય છતાં ધરતી પરની કીડીને પણ જોઈ શકે છે. અને આપણને માણસને આવી કોડા જેવી આંખો આપી તોય સોયમાં દોરો ન પરોવી શકે. એ કુદરતની દ્રષ્ટિ વિતરણની ખામી જ ગણાય ને.!

આમ સોયમાં દોરો પરોવવાના યજ્ઞકાર્ય દરમિયાન તેના મનમાં આવા વિવિધ વિચારોના વાવાઝોડા ઊઠે છે. તેને થાય છે કે હવે મારી પાસેથી કોઈ આ કાર્ય માગી લે તો ગંગ નાહયા. એટલામાં જ બા બોલે, "લાવ બેટા હું ફરીથી ટ્રાય કરી જોઉં અને દીકરો અડધા વેણે સોય દોરો બા ને સોંપી દે છે. બા એ ચશ્માં ચડાવ્યા અને સોય દોરો હાથમાં લીધા અને પ્રથમ પ્રયત્ને જ સોય દોરાનું સ્નેહમિલન રચાઈ ગયું. દીકરો આંખો ચોળતો રહી ગયો.એટલે જ આપણા તત્વજ્ઞાનીઓએ કહ્યું છે કે કોઈ કામને સાવ નાનું ન ગણવું. (-અને બહુ મોટુ ય ન ગણવું!)

**-:: ગરમાગરમ ::-**

***એક વિદ્વાન સાધુ મહારાજ ભક્તોને સમજાવતા હતા કે તમે રાજા ગોપીચંદનું ભજન સાંભળો તો તમને વૈરાગ્યભાવ જાગે. તેનાથી આગળ વધીને ભર્તૃહરિનું વૈરાગ્ય શતક વાંચો તો તમને ઉચ્ચકક્ષાનો વૈરાગ્ય ભાવ જાગે.ત્યારે એક જણે સભામાંથી પૂછ્યું, "મહારાજ, એ બધાય કરતા વધુ ઊંચો વૈરાગ્ય ભાવ જગાડવો હોય તો?"***

***"તો શેર બજારમાં ઝંપલાવો!!."***